ગાંધીનગર સમાચાર

પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા રથયાત્રાનું આયોજન

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૫ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર ૭.૩૨ કલાકનો રહેશે.

● દિવ્ય જીવન સંઘ ગાંધીનગર ને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સવારે ૭.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન સે-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે યોગ-ધ્યાન શિબિર યોજાશે.

# ... તો 'લવ' ભૂલી રાખડી બંધાવી લેજો...!!!

**જો બે વિજાતીય પાત્રો થેલેસેમિયા માઈનોર હોય અને લગ્ન કરે તો બાળક થેલેસેમિયા મેજર જન્મી શકે : લગ્ન પહેલા કુંડળી નહી મેડીકલ રિપોર્ટ મેળવો : બીસીએ કોલેજના વિદ્યાર્થીઓને જાણીતા સામાજિક કાર્યકર સુકેતુ મહેતાનું થેલેસેમિયા જાગૃતિ અંગે ચોટદાર વકતવ્ય**

ગાંધીનગર, તા.૪

'જો તમને યુવાવસ્થામાં પ્રેમ થઈ જાય અને તમે લગ્ન કરવાનું વિચારતા હોવ તો પહેલા થેલેસેમિયાનો ટેસ્ટ કરાવી લેજો. જો ટેસ્ટમાં એવું આવે કે તમે બંને થેલેસેમિયા માઈનોર છો તો પ્રેમ ભૂલી રાખડી બંધાવી છુટા પડી જજો, એમાં જ તમારી ભલાઈ હશે.' ગાંધીનગરના સે-૨૩માં કડી સર્વ વિદ્યાલય સંકુલમાં ખિમજી વિશરામ હોલ ખાતે બીસીએ કોલેજના વિદ્યાર્થીઓને થેલેસેમિયા જાગૃતિ અંગેના વર્કશોપમાં સંબોધતા જાણીતા અગ્રણી સામાજીક કાર્યકર સુકેતુ મહેતાએ હળવી શૈલીમાં ગંભીર વાતો કહી હતી.





આશરે ૭૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓના તાળીઓના ગડગડાટ વચ્ચે સુકેતુ મહેતાએ જણાવ્યું હતું કે તેઓએ થેલેસેમિયા નાબુદીનું બીડું ઝડપ્યું છે. તેમના મતે દરેક મા-બાપે પોતાના સંતાનના લગ્ન કરાવતા જન્મકુંડળી મેળવવા કરતા મેડીકલ રિપોર્ટસ મેળવવા જોઈએ. બે વ્યકિત જો થેલેસેમિયા માઈનોર હોય અને તેઓ લગ્ન કરે તો તેમનું બાળક થેલેસેમિયા મેજર જન્મવાની સંપૂર્ણ શકયતા છે. આ સંજોગોમાં બાળક સાથે મા-બાપનું ભાવિ પણ અંધકારમય બને છે કારણકે થેલેસેમિયાની સારવાર અત્યંત કષ્ટદાયક, ખૂબ ખર્ચાળ છતાં સાજા થવાની કોઈ પણ જાતની ખાત્રી વગરની હોય છે. થેલેસેમિયા મેજર દર્દીનું ગમે ત્યારે ગમે તે સંજોગોમાં અવસાન થઈ શકે છે. થેલેસેમિયા માઈનોર સાથે વ્યકિત સામાન્ય જીવન જીવી શકે છે પરંતુ તેણે થેલેસેમિયા માઈનોર હોય તેવા વિજાતીય પાત્ર સાથે લગ્ન કરવા જોઈએ નહિ. થેલેસેમિયા અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવા કટિબધ્ધ સુકેતુ મહેતા દ્વારા વિવિધ કોલેજોમાં જઈને યુવાઓને આ રોગ અંગે સમજણ આપી રહ્યા છે.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય સંકુલની જ કોલેજમાં અભ્યાસ કરતી એક થેલેસેમિયા મેજર પિડીતાએ ઉપસ્થિત રહી તમામ વિદ્યાર્થીઓને પોતાની દર્દનાક સારવારનો ચિતાર આપ્યો હતો. આ સાથે તેણીએ તમામ વિદ્યાર્થીઓને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આયોજિત થેલેસેમિયા નિદાન કેમ્પનો લાભ ઉઠાવી થેલેસેમિયા ચેકઅપ કરાવી લેવા અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તા. ૭મી જુલાઈ ગુરુવારે કડી સર્વ વિદ્યાલય સંકુલની બીસીએ કોલેજમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા નિઃશુલ્ક થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વિદ્યાર્થીઓના બ્લડગૃપનું નિદાન પણ વિના મૂલ્યે કરી આપવામાં આવશે. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકગણના સવાલોના સુકેતુ મહેતાએ સંતોષકારક જવાબ આપ્યા હતાં.

## વાતવાતમાં

● શહેરમાં મેહુલિયાએ મન મુકીને રમઝટ બોલાવતા ચારે કોર પાણી પાણી થઈ જવા પામ્યું હતું. સે-૨૫ જીઆઈડીસી સર્કલ, ખ-૫ સર્કલે, ગ-૩ સર્કલ સહિત શહેરના અનેક સર્કલ પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા હતા.

● આશરે ૧૧ વાગ્યાના સુમારે વરસાદ ચાલુ થતા સવારની શાળાના બાળકોએ શાળા છુટયા બાદ વરસાદમાં ન્હાવાનો તથા પાણીમાં છબછબીયાંનો આનંદ માણ્યો હતો. જયારે બપોરની શાળાના બાળકો શાળાએ જતા ભીંજાઈ જતા પરેશાન થઈ ગયા હતા.

● વરસાદી ઝાપટામાં અનેક ટુ વ્હીલર્સ ચાલકોના વાહનો રસ્તામાં બંધ થઈ જવા પામ્યા હતા તો કેટલાક વાહનચાલકોના હેલ્મેટ પવનથી ઉડયા હતા. નગરજનોએ વરસાદમાં ગરમાગરમ ચા ઉપરાંત ભજીયા, દાળવડા, મકાઈ તથા મગફળીના ઓળાની જયાફતો ઉડાવી હતી.

● વાવોલમાં સવારથી જ લાઈટો ગુલ થઈ જવા પામી હતી. જે મોડી સાંજ સુધી બંધ રહેવા પામી હતી. વળી, ન્યુ વાવોલના અનેક વિસ્તારોમાં નાના-મોટા તળાવો સર્જાઈ જવા પામ્યા છે.

● મીનાબજારમાં ગેરકાયદેસર દબાણમાં બનેલ રેસ્ટોરન્ટમાં બે ત્રણ અધિકારી પીધેલી હાલતમાં જમવા આવ્યા હતા. આ અધિકારીમાંથી એકે રેસ્ટોરન્ટના વેઈટરને દમ મારતા કહ્યું હતું કે, 'સારું જમવાનું લાવજે, દબાણખાતાના સાહેબ આવ્યા છે, જો તેમને નહીં ગમે તો તો તારું છાપરું ઉખડી જશે.'

## સે-૨૧ વૈષ્ણવની હવેલીમાં રથયાત્રા અંગે દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૪

રથયાત્રા નિમિત્તે સેકટર-૨૧, હવેલી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આગામી તા. ૬ઠ્ઠી જુલાઈને બુધવારના રોજ મંગળા સવારે ૭.૩૦થી ૮.૦૦ કલાકે, શૃંગાર સવારે ૯.૩૦ થી ૧૦.૦૦ કલાકે અને રાજભોગ ભીતરમાં પહેલો ભોગ સવારના ૧૧.૩૦ થી ૧૨.૦૦ કલાકે, બીજો ભોગ૧૨.૩૦ થી ૧.૦૦ કલાકે, ત્રીજો ભોગ બપોરના ૧.૩૦ થી ૨.૦૦ કલાક તથા ચોથો ભોગ ૨.૩૦ થી ૩.૦૦ કલાકનો રહેશે. આ ઉપરાંત ઉત્થાપન અને સંધ્યા આરતી ભીતરમાં, શયન સાંજના ૫.૦૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે. નગરના તમામ ભાવિકોને દર્શનના સમયની નોંધ લેવા વૈષ્ણવ સમાજના માનદ મંત્રી રસિકભાઈ ગાંધીએ જણાવ્યું છે.

# પાંચ વર્ષ સુધીના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આર્યુવેદ દવાખાનાઓમાં વિના મુલ્યે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે. તા. ૫ અને ૬ જુલાઈ, ૨૦૧૬ના રોજ સાંજના ૫.૩૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવશે. તે ઉપરાંત તા.૬ જુલાઈના રોજ કલોલ, સેકટર-૭, ૨૯ આર્યુવેદ ઓપીડી સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સવારના ૯ થી ૧૧ કલાક દરમ્યાન બાળકોને સુર્વણ પ્રાશનના ટીપા પીવડાવામાં આવશે.

જિલ્લા આર્યુવેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે આર્યુવેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાર્થી શું કરવું ? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આર્યુવેદના ગ્રંથોમાં છે. બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આર્યુવેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્યો મેઘાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણ પુષ્યનક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

સામાન્ય રીતે બાળકના શરીરમાં જયાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યારે તેને સૌથી વધારે પોષણની જરુર પડે છે. આ ગાળોએ સમગ્ર જીવનના પાયા સમાન છે. આથી જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશનના કરવામાં આવે તો બાળકના બળ, બુધ્ધિ અને મેઘામાં વધારો થાય છે. શારીરીક અને માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકની રોગ પ્રતિકારક શકિત વધે છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મુલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડો.દવે સુવર્ણમૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. પાત.૫મી જુલાઈના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, અમીયાપુર, સેકટર-૭, સેકટર-૨૯ અને સિવિલ હોસ્પિટલ આર્યુવેદ ઓપીડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના રીદ્રોલ, પરબતપુરા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ અને કલોલ તથા દહેગામ તાલુકામાં પીંપળજ અને ખાનપુર ગામના સરકારી અને જિલ્લા પંચાયત આર્યુવેદ દવાખાનામાં સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવવાામાં આવશે. તેમ જિલ્લા આર્યુવેદ અધિકારી ગાંધીનગરે જણાવ્યું છે.

## ભારત વિકાસ પરિષદના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૪

ભારત વિકાસ પરિષદ દ્વારા સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પરિષદના પ્રમુખ તરીકે ચંદ્રકાન્ત રાવલ, ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ રાવલ અને મણિબેન દેસાઈ, માર્ગદર્શક તરીકે મેહુલભાઈ દોશી, મંત્રી તરીકે દિપકભાઈ પટેલ, ખજાનચી તરીકે નિતિનભાઈ પટેલ, સહમંત્રી માટે વીપીનભાઈ પંડયા અને હિનાબેન દવે મહિલા સંયોજીકા પદે જીજ્ઞાષાબેન રાવલ, સહ સંયોજીકા પદે હિનાબેન રાવલની વરણી કરવામાં આવી હતી. તથા કારોબારી સભ્યો તરીકે રામકિશોરભાઈ પસારી, તરુણભાઈ ઠકકર, ભુષણભાઈ પંડયા, વિરેન્દ્રભાઈ શાહ, પ્રદિપભાઈ શાહ, મધુસુદનભાઈ જોષી, મિતુલભાઈ પટેલ અને દિનેશભાઈ પટેલની વરણી કરાઈ હતી.

## વાવોલ-ગોકુલપુરા માર્ગ પર અજાણ્યા વાહનની ટકકરે રાહદારીનું મોત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક વાવોલ ગામ પાસેના ક માર્ગ પર અજાણ્યા વાહનના ચાલકે મોડી રાત્રે રાહદારીને જોરદાર ટકકર મારતા રાહદારીને માથાના ભાગે લોહીયાળ ઈજાઓ થઈ હતી. જેથી ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. આ અકસ્માત મામલે સેકટર-૭ પોલીસે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર વાવોલ ગામ પાસેના છાપરામાં ગોપીજી અંબુજી વણઝારા, ઉ વ. ૬૦ રહેતા હતા છેલ્લા ઘણા વર્ષોથી એકલતા ભર્યું જીવન ગુજરાન કરતા હતા.ગોપીજી ગત રાત્રે ગોકુલપુરા છાપરાથી ચાલતા ક માર્ગ પર થઈ વાવોલ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જ એમ.બી. પટેલ શાળા પાસે કોઈ અજાણ્યા ભારે વાહનના ચાલકે રાહદારી ગોપીજીને અડફેટે લઈ જોરદાર ટકકર મારી હતી. આથી માર્ગ પરથી ફંગોળાઈ જતા માથાના ભાગે લોહીયાળ ઈજાઓ થતા ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માતે મોતની ઘટના મામલે મૃતકના ભત્રીજા ગુલાબજી વણઝારાની ફરિયાદના આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહનના ચાલકની શોધખોળ હાથ ધરી છે.



સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય સંકુલમાં સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા વિવિધ સામાજિક પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લઈ ગૃપના સભ્ય તન્મય પટેલે તેમના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી. તેમણે પોતાનો જન્મદિવસ સરગાસણ ચાર રસ્તા ખાતેની માનવસ્મૃતિ સંસ્થામાં માનસિક રીતે વિશિષ્ટ બાળકો સાથે પસાર કરી ઉજવ્યો હતો.આ પ્રસંગે તેમણે બાળકોને આઈસ્ક્રીમ ખવડાવી મ્હોં મીઠું કરાવતા બાળકોના ચહેરા પર સ્મિત રેલાયું હતું. એક તરફ આજની યુવા પઢી નાની નાની બાબતોમાં પાર્ટી-હોટલોમાં નાણા વેડફે છે ત્યારે બીજી તરફ એવા પણ યુવાનો છે જેઓ જરૂરિયાતમંદોને મદદરૂપ થઈ પોતાની ખુશીમાં અન્યને પણ ખુશ કરી સાચો આનંદ માણે છે.



(તસવીર : કશ્યપ નિમાાવત)





શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ બી.એ. હોમ સાયન્સ વિભાગ દ્વારા પ્રથમ વર્ષ પ્રવેશોત્સવ નિમિત્તે હસ્તકલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોમ સાયન્સની વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ હસ્તકલા કારીગરીના નમૂનાઓનું પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ટ્રસ્ટીગણના સભ્યો કોમર્સ કોલેજના આચાર્ય એસ.જી. દેસાઈ તથા કોલેજ કેમ્પસના અધ્યાપકમિત્રો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહી પ્રદર્શન નિહાળ્યું હતું. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ સાથ સહકાર પૂરો પાડયો હતો. કાર્યક્રમનું આયોજન પ્રા. પ્રતિમા છનિયારા અને મનિષાબેન ચૌધરીએ કર્યું હતું.

## પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા રથયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૪

ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા એ એક એવી યાત્રા છે જેમાં સ્વયં જગતનો નાથ સામે ચાલીને પોતાના ભકત સમુદાયને ઉમળકાભેર મળવા વાજતે ગાજતે નગરના રસ્તે નીકળી પડે છે અને સહુ તેને જય રણછોડ...માખણ ચોરના ઘોષથી વધાવતા રહે છે. અષાઢી બીજના શુભ દિવસે પેથાપુર ગામ ખાતે ભવ્ય રથયાત્રાનું આોજન કરવામાં આવ્યું છે. જેમાં રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા પેથાપુર રામજીમંદિર ખાતેથી રથયાત્રા પ્રસ્થાન કરશે. જગન્નાથજી સમગ્ર પેથાપુર ગામમાં માનવ કલ્યાણાર્થે રંગેચંગે નીકળશે.

પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા રથયાત્રા નિમિત્તે બેન્ડબાજા, સુશોભિત વાહનો, ભકત મંડળીઓ, ઉંટલારીઓ, ટ્રેકટરો તેમજ બાળકોની વેશભૂષાની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંગે ઈચ્છુક બાળકોએ આ હરીફાઈમાં ભાગ લેવો હોય તેઓએ પેથાપુરના કાર્યકર નટુભાઈ દરજી પાસે નામ નોંધાવવાના રહેશે.

પેથાપુર ગામમાં રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત અને મહાપ્રસાદનું આયોજન પણ કરાયું છે. રથયાત્રાનો વિસામો રામદેવ પીર મંદિર સામે, મેઈન રોડ પેથાપુર ખાતે અડધા કલાકનો રહેશે. રથત્રાત્રા જે રૂટ ઉપરથી પસાર થશે તે વિસ્તારના જુદા જુદા સમાજના મહોલ્લાઓમાં રથયાત્રાનું ભાવભીનું સ્વાગત કરવામાં આવશે. તમામ સમાજના લોકો સાથે રહીને ભગવાન જગન્નાથજીનો દિવસ ઉત્સાહપૂર્વક મનાવે છે. ચોતરફ કોમી એકતા અને ભાઈચારાના પ્રસંગો બને છે. રથયાત્રામાં હરીફાઈના નિર્ણાયક તરીકે ગાંધીનગરના પોપટલાલ પ્રજાપતિ અને હસમુખભાઈ મેકવાન ઉપસ્થિત રહેશે.

આ રથયાત્રા માટે અલ્કેશભાઈ પરમાર, દીનુભાઈ દરજી, કિરણભાઈ મહેતા, દિનેશભાઈ ચૌહાણ, અસરસિંહ વાઘેલા, શૈલેશભાઈ પટણી, ધીરુભાઈ ચૌહાણ, ગામના યુવાન મિત્રો તથા સમિતિના તમામ સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આ યાત્રામાં તમામ ભાવિક ભકતોને જોડાવા પેથાપુર રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા જણાવાયું છે.

# લીમડાની લીંબોડીયો ગરીબ પરિવારોની આજીવીકા

**ચિલોડા-દહેગામ પંથકમાં લીંબોડીયો વીણવાના વ્યવસાયમાં શ્રમજીવી મહિલાઓ પ્રવૃત્ત : સવારથી સાંજ સુધીમાં આશરે એક મહિલા ૩૦ કિલોનું કામ કરે છે**

ગાંધીનગર, તા.૪

વૃક્ષો એ માનવ જીવનના દરેક તબક્કે ઉપયોગી બને છે અને માનવ જીંદગીનો હિસ્સો ગણાઈ રહ્યું છે. વૃક્ષોના વિવિધ ફાયદાઓમાં ગરીબ પરીવારના તારણહાર તરીકે પણ ભૂમિકા ભજવી રહ્યું છે. જેમાં લીમડાના વૃક્ષની લીંબોડીયો વીણીને શ્રમજીવી પરિવારની મહિલા આત્મનર્ભર બની છે. ચિલોડા-દહેગામ પંથકમાં હાલ સક્રિય બનેલી આ રોજગાર પ્રવૃત્તિમાં મોટી સંખ્યામાં મહિલાઓ પ્રવૃત્ત બનેલી છે. ત્રણ માસના આ વ્યવસાય દરમિયાન દરેક મહિલા દૈનિક ૩૦ કિલો જેટલી લીંબોડીયો વીણી લે છે અને દૈનિક વેતન જેટલી રોજગારી પ્રાપ્ત કરે છે. ચિલોડા-દહેગામ પંથકમાં અસંખ્ય લીમડાના વૃક્ષ આવેલા છે જેના ખરી પડેલા ફળ પણ માનવ જીંદગીઓનો સહારો બન્યા છે.





ચિલોડા-દહેગામ પંથકના જાહેરમાર્ગો, ખેતરો તથા રહેણાંક વિસ્તારોમાં અસંખ્ય લીલા લીમડાના વૃક્ષ આવેલા છે. આ વૃક્ષો ઉપર ઉનાળાના એપ્રિલ, મે અને જુન માસ દરમિયાન લીંબોડી નામનું ફળ આવે છે. તે તીવ્ર પવનની ગતિ, વાવાઝોડું કે વરસાદી ઝાપટું પડે ત્યારે ટપોટપ ખરી પડે છે. આ પાક્કી થઈને ખરી પડેલી લીંબોડીયો દેવકરણના મુવાડા ગામે એક વેપારી કલેકશન કેન્દ્ર ઉભું કરી ખરીદી કરે છે. ચિલોડા તથા દહેગામ પંથકની શ્રમજીવી મહિલાઓ આ લીંબોડીયો વીણવાનું કામ કરે છે અને મોટી સંખ્યામાં હોવાથી ગૃપ બનાવી લંબોડીયો એકઠી કરે છે અને સવારથી જ આ કામગીરીમાં જોતરાય છે. સાથે લોડીંગ રીક્ષા, આઈશર, જીપડાલા જેવા વાહનો ભાડે લાવતા હોય છે. જેમાં ભરીને દેવકરણના મુવાડા ગામે લઈ જવાય છે. એક મહિલા દૈનિક આશરે ૩૦ કિલો જેવી લીંબોડીયો વીણે છે અને ચાર થી પાંચ રૂપિયા કિલો દીઠ મુજરી પ્રાપ્ત થાય છે. લીંબોડીયો ખરીદનાર વેપારી આ પ્રવૃત્તિ માટે આ મહિલાઓને આવવા જવાનું ભાડુ, ભોજન સહિત તમામ ખર્ચ ઉપાડી લે છે જેથી મહિલાઓને ચોખ્ખી આવક થતી હોય છે.

લીંબોડીયોનો ઉપયોગ ઔષધિ બનાવવા તેમજ જૈવિક ખાતર તરીકે પણ વપરાય છે. દહેગામ-ચિલોડા પંથક લગભગ બક્ષીપંચ વિસ્તાર હોવાથી નોકરી-ધંધા કે ખેતી જેવા આવકના સ્તોત્ર ઓછા હોવાથી બેરોજગારીના કારણે છુટક મજુરીથી જીવન નિર્વાહ થાય છે. જેમાં આ વ્યવસાય સૌથી વધુ રોજગારી આપી રહ્યો છે. જેથી સરકાર વૃક્ષારોપણમાં લીમડાને વધુ મહત્વ આપી આ વ્યવસાયને પ્રોત્સાહીત કરે તો મોટા પાયે રોજગારીનો પ્રશ્ન હલ થઈ શકે છે. વધુમાં લીમડો તેના લાકડા, તેનો ઠંડો છાંયડો, વરસાદ લાવવા તેમજ આ લીંબોડીયાના વ્યવસાયમાં ખુબ જ ઉપયોગી બને છે અને ગરીબ લોકોને આજીવિકા ઉભી થાય છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

## ચિરવિદાય

- સ્વ. સરોજબેન રમેશચંદ્ર દવે, ઉ.વ. ૭૪
- સ્વ. ગોપાલજી આબુજી વણઝારા, ઉ.વ. ૬૦
- સ્વ. બાપુસાહેબ માનસીંગ ગાયકવાડ, ઉ.વ. ૫૯
- સ્વ. કાપડીયા દશરથભાઈ મનહરભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. વાઘેલા અમરસિંહ લક્ષ્મણસિંહ, ઉ.વ.૬૬
- સ્વ. પટેલ ગૌરીબેન ચંદુભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. જતીનભાઈ દિલીપભાઈ ગજ્જર, ઉ.વ. ૩૫